# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

************************************************************

1. સરકાર ટૂંક સમયમાં જાહેર ક્ષેત્રની બેંકો માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે.
2. આસામના ચાર સૌથી વધુ પૂર અસરગ્રસ્ત જિલ્લાઓમાં અસરગ્રસ્ત પરિવારોને વચગાળાની નાણાકીય સહાય જાહેર.
3. મધ્ય પ્રદેશ ખાતે દેશના પ્રથમ વર્ચ્યુઅલ પ્રાણી સંગ્રહાલયનો પ્રારંભ.
4. બિહારમાં ભાગદોડ અને પશ્ચિમ બંગાળમાં આગની બે અલગ અલગ ઘટનાઓમાં બાર લોકોના મોત.
5. FIH હોકી વિશ્વ કપમાં, ભારત આજે ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# SITHARAMAN-BANKING EARLY

સરકાર ટૂંક સમયમાં જાહેર ક્ષેત્રની બેંકો માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં જાહેર ક્ષેત્રની બેંકોના બે દિવસીય પરિષદનું ઉદ્ઘાટન કર્યા બાદ આ મુજબ જણાવ્યું. નાણામંત્રીએ કહ્યું કે સમિતિ મુદ્દાઓ અને સૂચનો પર વિચાર કરશે અને બેંકિંગ સુધારા માટે ભવિષ્યની કાર્યવાહી નક્કી કરશે. તેમણે વધુમાં કહ્યું કે બેંકરો વિકસિત ભારતની દિશા નક્કી કરશે.

જાહેર ક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓ આ બેઠકમાં બેંકિંગ ક્ષેત્ર સામેના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે.

# PM-SANSKRIT-SUBHASHITAM

પ્રધાનમંત્રી મોદીએ આજે સામૂહિક સંકલ્પ અને એકતાની શક્તિને પ્રતિબિંબિત કરતું સુભાષિતમ સોશિયલ મીડિયા પર શેર કર્યું.

તેમણે કહ્યું, "રાષ્ટ્ર ફક્ત સામૂહિક સંકલ્પ અને એકતાની શક્તિ દ્વારા જ પ્રગતિ કરે છે. આ ભાવના ભારતની પ્રગતિ અને સમૃદ્ધિનો મજબૂત પાયો છે."

આ શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવ્યો છે.

# BRICS ENVIRONMENT MINISTERS MEETING

ભારત આવતીકાલે નવી દિલ્હીમાં 12મી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠકની યજમાની કરશે.

આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ.....

(BYTE: WN-VIKAS-BRICS)

# ASSAM-FLOOD-RELIEF

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આજે ચાર સૌથી વધુ પૂર અસરગ્રસ્ત જિલ્લાઓ: શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ અને ચરાઈદેવમાં અસરગ્રસ્ત પરિવારોને વચગાળાની નાણાકીય સહાય જાહેર કરી છે. ગુવાહાટીમાં બોલતા , શ્રી શર્માએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. દરેક પૂરગ્રસ્ત પરિવારને 15 હજાર રૂપિયા ની સહાય રકમ જાહેર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સર્વે ચાલી રહ્યો છે. શ્રી શર્માએ ખાતરી આપી હતી કે અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવામાં આવશે. તેમણે પૂરતું વળતર અને પુનર્વસન માટે જરૂરી સહાય મળી શકે તે માટે પૂરગ્રસ્ત લોકોને સર્વેમાં ભાગ લેવા અપીલ કરી હતી.

# INDORE-VIRTUAL-ZOO

મધ્યપ્રદેશના ઇન્દોરમાં દેશનું પહેલું વર્ચ્યુઅલ પ્રાણી સંગ્રહાલય શરૂ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(BYTE: ABHINAV-GOEL)

# ASHOK-DHAM-STAMPEDE

બિહારના લખીસરાય જિલ્લામાં આવેલા અશોક ધામ મંદિરમાં આજે થયેલી ભાગદોડમાં સાત મહિલા ભક્તોના મોત થયા છે - દસથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને પટના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે , જ્યારે અન્ય લોકોની સારવાર જિલ્લા સદર હોસ્પિટલમાં ચાલી રહી છે.

અમારા સંવાદદાતાના જણાવ્યા અનુસાર , શ્રાવણ મહિનાના સોમવારે મહાદેવનો જળાભિષેક કરવા માટે ભક્તોની મોટી ભીડ એકઠી થઈ હતી. પડી ગયેલા વીજળીના થાંભલાને કારણે વીજળીનો કરંટ લાગવાની અફવાને કારણે ભય ફેલાયો હતો અને અશોક ધામ સ્ટેશનથી મંદિર તરફ જતા રસ્તા પર ભાગદોડ મચી હતી.

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કરતાં વહીવટીતંત્રને ઘાયલોને તાત્કાલિક અને પૂરતી તબીબી સંભાળ પૂરી પાડવા નિર્દેશ આપ્યો હતો.તેમણે મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ, ઉપરાષ્ટ્ પતિ સી.પી.રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ ઘટનામાં થયેલી જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી.પ્રધાનમંત્રીએ ખાતરી આપી કે સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્ત લોકોને મદદ કરી રહ્યું છે.

# WB-FIRE

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના તારાપીઠ ખાતે આજે વહેલી સવારે એક હોટલમાં લાગેલી આગમાં 5 લોકોના મોત થયા છે.

અહેવાલો અનુસાર, આગ પહેલા હોટલના રિસેપ્શનમાં લાગી હતી અને ચાર માળની ઇમારતમાં ફેલાઈ ગઈ હતી. આગ લાગી ત્યારે મોટાભાગના મહેમાનો સૂઈ રહ્યા હતા. શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારની ઉજવણી માટે તારાપીઠ આવેલા યાત્રાળુઓથી હોટેલ ભરેલી હતી. હોટલ માલિકે જણાવ્યું હતું કે આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. ફાયર ફાઇટર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે દુઃખ વ્યક્ત કરી ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NAG PANCHAMI

શ્રાવણ માસનો ત્રીજો સોમવાર અને નાગ પંચમીના ખાસ પ્રસંગે આજે મધ્યપ્રદેશના મુખ્ય શિવ મંદિરો અને ધાર્મિક સ્થળોએ શ્રદ્ધાળૂ     ઓનો ભારે ધસારો જોવા મળ્યો.  વહેલી સવારથી જ મંદિરોમાં ભક્તોએ ભગવાન શિવનો જલાભિષેક અને દૂધભિષેક કર્યો હતો , ઘણા મંદિરોમાં ખાસ સજાવટ અને ધાર્મિક વિધિઓ પણ કરવામાં આવી હતી. મંદિર પરિસર દિવસભર "હર હર મહાદેવ" અને "બમ બમ ભોલે" ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

ઉજ્જૈનમાં નાગ પંચમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. પરંપરા મુજબ, મહાકાલેશ્વર મંદિરમાં ભગવાન નાગચંદ્રેશ્વરના દરવાજા મધ્યરાત્રિ 12 વાગ્યે ખોલવામાં આવ્યા હતા. આ દર્શન  24 કલાક ચાલુ રહેશે. નાગચંદ્રેશ્વર અને બાબા મહાકાલ બંનેના દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી રહી છે. વહીવટીતંત્રે ભગવાન નાગચંદ્રેશ્વરના દર્શન માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે.

# RAJNATH---NAG-PANCHAMI

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નાગ પંચમી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે પ્રકૃતિ પ્રત્યે આદર , બધા જીવો પ્રત્યે કરુણા અને સહઅસ્તિત્વની ભાવના ભારતની સાંસ્કૃતિક પરંપરાનો અભિન્ન ભાગ રહી છે.

શ્રી સિંહે કહ્યું કે નાગ પંચમી એક પવિત્ર તહેવાર છે. તે જીવન પ્રત્યેના શાશ્વત અભિગમને પ્રતિબિંબિત કરે છે અને પ્રકૃતિ સંરક્ષણ , પર્યાવરણીય સંતુલન અને તમામ જીવોના સન્માનનો સંદેશ આપે છે.

# FIBA BASKETBALL UPDATE

આંતરરાષ્ટ્રીય બાસ્કેટબૉલ મહામંડળ – ફિબા અંડર 18 એશિયા કપ સ્પર્ધામાં આજે ચાઈનીઝ તાઈપે સામે ઑસ્ટ્રેલિયાની ટીમનો વિજય થયો છે. ગુજરાતમાં અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમાયેલી આજની પહેલી મેચમાં ઑસ્ટ્રેલિયાનો સ્કોર 110 અને ચાઈનીઝ તાઈપેનો સ્કોર 58 રહ્યો છે. ઑસ્ટ્રેલિયાની ટીમ પહેલા ક્વાર્ટરથી જ ચાઈનીઝ તાઈપે સામે અગ્રેસર રહી હતી.

હવે બીજી મેચ હમણાં 1.30 વાગ્યે ફિલિપિન્સ અને થાઈલેન્ડ વચ્ચે રમાશે. જ્યારે ન્યૂઝિલેન્ડ અને લેબનોન વચ્ચે 4.30 વાગ્યે અને સાંજે 7.30 વાગ્યે બેહરીન અને સીરિયા વચ્ચે મુકાબલો થશે.

# HOCKEY - WORLD CUP

FIH હોકી વિશ્વ કપમાં, ભારત આજે ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

નેધરલેન્ડના એમ્સ્થિલવીનમાં આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 6:30 વાગ્યે શરૂ થશે.

બંને ટીમો ટુર્નામેન્ટમાં પોતાની જીતથી કરેલી શરૂઆત યથાવત રાખવા મેદાનમાં ઉતરશે. ભારતે શનિવારે વેલ્સ સામે 3-1થી વિજય સાથે પોતાના વિશ્વ કપ અભિયાનની શરૂઆત કરી હતી , જ્યારે સ્પર્ધાના શરૂઆતના દિવસે ઇંગ્લેન્ડે પાકિસ્તાનને 4-1થી હરાવ્યું હતું.

# TEST-CRICKET---IND-VS-SL

ગેલમાં ભારત સામે ટેસ્ટ ક્રિકેટ શ્રેણીની પહેલી મેચમાં , યજમાન શ્રીલંકાએ મેચના ત્રીજા દિવસે 5 વિકેટે 124 રન બનાવ્યા છે.

ભારતીય ટીમે પ્રથમ ઇનિંગમાં 462 રન બનાવ્યા. દેવદત્ત પડિકલે 167 રન, કે.એલ. રાહુલે 82 રન અને ધ્રુવ જુરેલે 51 રનનું યોગદાન આપ્યું. શ્રીલંકા તરફથી , પ્રભત જયસૂર્યાએ 4, કેશવ નુવંતાએ 3 અને આસિથ ફર્નાન્ડોએ 2 વિકેટ લીધી.

શ્રેણીનો બીજી અને અંતિમ ટેસ્ટ મેચ 23 ઓગસ્ટથી કોલંબોમાં રમાશે.

# BENGAL-HEAVY-RAIN

ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી અને તેની આસપાસના પશ્ચિમ બંગાળ અને ઉત્તર ઓડિશા પર સર્જાયેલુ હવાનું નીચું દબાણ આજે ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની ધારણા છે. જેના કારણે દક્ષિણ બંગાળમાં આવતીકાલ સુધી વ્યાપક ભારે વરસાદ થવાની ધારણા છે. અલીપોર હવામાન વિભાગે આજે બાંકુરા , ઝારગ્રામ અને પશ્ચિમ મિદનાપુર જિલ્લામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

દક્ષિણ 24 પરગણા, પુરુલિયા, હાવડા, હુગલી અને પૂર્વ અને પશ્ચિમ બર્દવાન જિલ્લાઓ માટે ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. માછીમારોને આવતીકાલ સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન, ઉત્તર બંગાળમાં પણ આજથી વરસાદ પડવાની ધારણા છે. કાલિમપોંગ અને જલપાઇગુડી જિલ્લામાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.